सत्यमेव जयते

| | |
|---|---|
| **અરજી સ્વીકાર્યા તારીખ** | ૧૦/૦૯/૨૦૨૪. |
| **અરજી નોંધ્યા તારીખ** | ૧૦/૦૯/૨૦૨૪. |
| **અરજી નિકાલ કર્યા તારીખ** | ૨૪/૦૩/૨૦૨૬ |
| **સમયગાળો** | વર્ષ–માસ–દિન<br>૦૧–૦૬–૧૪ |

**નામદાર મજૂર અદાલત નં.૧, જામનગરના પ્રિસાઈડિંગ ઓફિસરશ્રી સમક્ષ**

**મુ.જામનગર**

**રેફરન્સ (ટી) નંબર –૫૭/૨૦૨૪.**

આંક–૧૪

**પ્રથમ પક્ષકાર** : નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,
સિંચાઇ પેટા વિભાગ નં.૨, મામલતદાર
ઓફિસની પાછળ ખારવા રોડ, ધ્રોલ, જામનગર.

**વિરુદ્ધ**

**બીજા પક્ષકાર** : નીલેશ બાબુભાઈ લીંબાસિયા,
સી/ઓ મજુર મહાજન સંઘ, ૨૧૦, એ–૧ કોમ્પ્લેક્ષ
બીજો માળ, કે.વી. રોડ,જામનગર.

**<u>વિષય</u> : <u>ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ – ૧૦ (૧) અન્વયે ન્યાય નિર્ણય બાબત.</u>**

**પ્રથમ પક્ષકાર તરફે** : વિ.વ.શ્રી. એચ.ડી.મહેતા.
**બીજા પક્ષકાર તરફે** : વિ.પ્રતિનિધી શ્રી. પી.આર.જોષી.

**-: એવોર્ડ :-**

(૧) આ કામના અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છૂટા કરી દેતાં મદદનિશ શ્રમ આયુક્તશ્રી, જામનગર સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહીં થતાં સદરહુ વિવાદ મદદનિશ શ્રમ આયુક્ત, જામનગરના હુકમ ક્રમાંક : કે.એચ.આર-એજે-૫૬/૨૦૨૪ તા.૩૧/૦૭/ ૨૦૨૪, પત્ર ક્રમાંક : મશ્રઆ/જામ/૨૦૨૪/૨૯૭૨ તા.૦૬/૦૯/૨૦૨૪ થી અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ. જેની અનુસૂચિ નીચે મુજબ છે.

**-:: અનુસૂચિ ::-**

**નીલેશ બાબુભાઈ લીંબાસિયા નાઓને તા.૩૦/૧૧/૨૦૧૯ થી કોઈપણ વાંક, ગુન્હા કે,કસુર વગર નોકરીમાંથી છુટા કરેલ છે. આથી પડેલા રોજ ભરપાઈ કરી, સળંગ નોકરીથી કામે લેવા જોઈએ કે કેમ ?**

(૨) આ કામે પક્ષકારોને નોટિસ કાઢતા બીજા પક્ષકાર તરફે તેમના વિ.પ્રતિનિધી શ્રી પી.આર.જોષી નાઓ હાજર થઈ આંક-૩ થી તેમનું અધિકાર પત્ર રજૂ કરેલ છે.

આ કામમાં બીજા પક્ષકારે આંક-૪ થી માંગણાનું નિવેદન રજૂ કરેલ છે. જે વંચાણે લેતાં તેમા જણાવેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારને ત્યાં તા.૦૧/૦૬/૧૯૯૮ થી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, આજી-૪, સબ ડિવિઝન ૬/૪ ધ્રોલ ખાતેની કચેરીમાં મજૂર તરીકે ફરજ બજાવતા હતા અને દૈનિક વેતન મિનીમમ વેજિસ અનુસાર મેળવતા હતા. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારમાં કાયમી પ્રકારના કામ પર હોવા છતાં પ્રથમ પક્ષકાર દ્વારા તેમને

કોઇપણ જાણ કર્યા વગર નોકરીમાંથી છુટા કરતા બીજા પક્ષકાર દ્વારા આ કામના પ્રથમ પક્ષકાર નં.૧ અને ૨ ને માંગણીની નોટિસ આપેલ જે તેઓને મળી ગયેલ છે અને તે માંગણીની નોટિસનો પ્રથમ પક્ષકારએ ઉડાઉ જવાબ આપેલ અને જણાવેલ કે, તમો કોઇ દિવસ સંસ્થામાં કામ કરેલ જ નથી તમામ હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલ છે તેમ જણાવી સ્પષ્ટ ઇન્કાર કરેલ.

બીજા પક્ષકાર જે કામગીરી કરતા તે કામગીરી ચાલુ હોવા છતાં કોઇપણ જાતના વાંક, ગુન્હા કે કસુર વિના તથા કાયદેસરની કોઇ જ કાર્યવાહી કર્યા વિના તા.૩૦/૧૧/૨૦૧૯ ના રોજ મૌખિક રીતે છુટા કરેલ અને છુટા કરતી વખતે બીજા પક્ષકારને કોઇ જ નોટિસ, નોટિસ પગાર, છટણી વળતર કે હક્ક હિસ્સાની કોઇ રકમ ચૂકવેલ નથી. બીજા પક્ષકારને છુટા કરતી વખતે સિનિયોરિટી લિસ્ટ બનાવેલ નથી કે બતાવેલ નથી. બીજા પક્ષકારને છુટા કર્યા બાદ તેમનાથી જૂનિયર ને ચાલુ રાખેલ છે તથા બીજા પક્ષકાર જેવી કામગીરી માટે અન્ય નવા કામદારો રાખી કામ કરાવે છે. આ કામના પ્રથમ પક્ષકાર હાજરી કાર્ડ કે પગારચિઠ્ઠી આપતા ન હતા. બીજા પક્ષકારે દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ દિવસો ફરજ બજાવેલ છે.

બીજા પક્ષકારને પ્રથમપક્ષકારે નોકરીમાંથી છુટા કર્યા બાદ બીજા પક્ષકારે વારંવાર વિનંતી રજુઆતો કરવા છતા બીજા પક્ષકારને કામ પર લીધેલ નહિ. જેથી બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતા તેઓ બેરોજગાર બનેલ છે અને અન્યત્ર પ્રયત્નો કરવા છતા કયાંય નોકરી મળેલ નથી જેથી તેમને તેમના કુટુંબનું ભરણપોષણ કરવામાં ખુબ જ તકલીફ પડે છે.

ઉપરની હકીકતે પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને તા.૩૦/૧૧/૨૦૧૯ ના રોજથી કાયદેસરની કાર્યવાહી કર્યા વગર નોકરી માંથી છૂટા કરવાનું પગલુ ગેરકાયદેસર ઠરાવી બીજા પક્ષકારના પડેલા રોજની રકમ ભરપાઈ કરી મૂળ જગ્યા પર સળંગ નોકરીથી કામે લઈ લેવાનો હુકમ કરવા અરજ કરેલ છે. તેમજ બીજા પક્ષકારના પડેલા રોજની રકમ પર

મળવાપાત્ર કાયદેસરના વ્યાજ તથા નોકરી અંગેના મળવાપાત્ર તમામ આનુસંગીક લાભો ચૂકવી આપવાનો હુકમ ફરમાવવા નમ્ર અરજ કરેલ છે. આ ઉપરાંત નામદાર કોર્ટને યોગ્ય લાગે તે તમામ દાદ અપાવવા અરજ કરેલ છે. વધુમાં આ કામમાં પ્રથમપક્ષકાર બીજાપક્ષકારને અરજી ખર્ચના રૂા. ૫,૦૦૦/- ચૂકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે પ્રથમપક્ષકારને નોટીસ કાઢતા, નોટીસ બજી જતા પ્રથમ પક્ષકાર તરફે વિ.વકીલશ્રી એચ.ડી.મહેતા નાઓએ હાજર રહી, આંક-૫, થી પ્રથમ પક્ષકાર તરફથી લેખિત બચાવનામું રજૂ કરેલ છે જેની ટૂંકી વિગત એવી છે કે, બીજા પક્ષકાર કામદારની સંસ્થા ઉદ્યોગની વ્યાખ્યામાં આવતી નથી. બીજા પક્ષકારે આ કેસ ૯ વર્ષના વિલંબ બાદ કરવામાં આવેલ છે. જેમાં ભારત સરકાર દ્વારા તા.૧૮/૦૮/૨૦૧૦ થી અદ્યોગિક વિવાદ ધારામાં કરવામાં આવેલ સુધારા અન્વયે હાલનો રેફરન્સ ટકવાપાત્ર નથી. ઔદ્યોગિક વિવાદ ધારા-૨૦૧૦ ની કલમ-૩ થી ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨ (એ) માં સુધારો કરીને પેટા કલમ-૨ તથા ૩ ઉમેરવામાં આવેલી છે જેમાં પેટા કલમ-૩ માં ત્રણ વર્ષની મુદ્દત દર્શાવેલી છે. મજૂર કાયદા (ગુજરાત સુધારા) અધિનિયમ-૨૦૧૫ ની કલમ-૪ ધ્યાને લેતાં કલમ-૨(એ) ની પેટા કલમ-૩ માં સુધારો કરીને "ત્રણ વર્ષ" ની જગ્યાએ "એક વર્ષ" તે મુજબનો સુધારો કરવામાં આવેલ છે. આમ, ઔદ્યોગિક તકરાર ઉભી થયા બાદ એક વર્ષની અંદર તકરાર ઉભી કરવી જોઇએ. આ કામે એક વર્ષની અંદર તકરાર ઉભી કરવામાં આવેલ નથી. આથી વિલંબના કારણોસર હાલનો રેફરન્સ ચાલવાપાત્ર નથી.

ઉકત બાબત નાયબ લેબર કમિશનરશ્રી સમક્ષ પણ રજૂઆત કરવામાં આવેલ પરંતુ તેમના દ્વારા જણાવવામાં આવેલ છે કે, વિલંબ બાબતે વિચારણા કરવાની સત્તા અમારી કચેરીની નથી. આ કામે બીજા પક્ષકાર તેઓને છુટા કર્યા બાદ ડેમ સાઇટ પર જઇ કામ પર લેવા બાબતે વારંવાર મૌખિક રજૂઆત કરવામાં આવેલ છે પરંતુ બીજા પક્ષકાર દ્વારા કયા અધિકારીશ્રીને અને કયા દિવસે મૌખિક રજૂઆત કરેલ છે તે જણાવેલ નથી.

આ કામના બીજા પક્ષકાર પાસે આઇ.ડી. એક્ટની એકપણ કલમનો ભંગ થાય તે રીતે કામ લીધેલ નથી. એકપણ રોજમદારને હેન્ડ રિસિપ્ટ પર કામગીરી કરાવવામા આવેલ નથી. વર્ષ ૨૦૦૦ માં એકપણ રોજમદાર પાસે મસ્ટર દ્વારા કામગીરી કરાવવામાં આવેલ નથી. સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૮/૦૨/૨૦૦૨ ના ઠરાવ અન્વયે અત્રેની પેટા કચેરી દ્વારા તમામ પ્રકારના રોજમદારના પગાર જૂલાઇ–૨૦૦૫ થી બેંક મારફતે જ કરવામાં આવે છે. એકપણ રોજમદારને મસ્ટર, રોકડ ચિઠ્ઠી કે અન્ય આધાર દ્વારા રોકડથી ચૂકવણું કરવામાં આવેલ નથી. અરજદાર દ્વારા તા.૧૮/૦૫/૨૦૨૪ ની અરજીથી ફરજ પર પરત લેવા અરજી કરવામાં આવેલ જેનો પ્રત્યુતર અત્રેની પેટા કચેરીના પત્ર ક્રમાંક : એબી/રોજમદાર/ ૨૦૨૪ તા.૦૬/૦૬/૨૦૨૪ થી આપવામાં આવેલ. જેમાં જે પુરાવાઓ અરજદારના કબજામાં છે તે જ પુરાવાઓ માંગવામાં આવેલ તેનો કોઇ પ્રત્યુતર અરજદાર દ્વારા આપવામાં આવેલ નથી. આ કામના પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકાર પાસે કામગીરી લીધી નથી જેથી આઇ.ડી. એક્ટની કલમ –૨૫ (જી) અને ૨૫(એચ) નો ભંગ થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. બીજા પક્ષકારે તેમની નોકરી પુરવાર કરવાનો એકપણ પ્રયત્ન કરેલ નથી તેમજ એકપણ વખત પોતાની નોકરી સાબિત કરવા માહિતી માંગવામાં આવેલ નથી કે, કોઇ લેખિત રજૂઆત માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અંતર્ગત કરવામાં આવેલ નથી. બીજા પક્ષકાર બેકાર હોય તેવું જણાતું નથી. જેથી બીજા પક્ષકારની આ અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૪) આંક–૬, થી પ્રથમપક્ષકાર દ્વારા દસ્તાવેજો રજૂ કરેલ છે.

(૫) આ કામે બીજા પક્ષકારે આંક–૮ થી દસ્તાવેજ માંગતી અરજી રજૂ કરેલ છે.

(૬) આ કામે બીજા પક્ષકાર તરફે રજૂ થયેલ પુરાવો નીચે મુજબ છે.

## –:: મૌખિક પુરાવા ::–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર તરફે મૌખિક પુરાવાનું સોગંદનામું | ૧૦ |

## –:: દસ્તાવેજી પુરાવા ::–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર તરફે રજૂ કરેલ ક્લોઝિંગ પુરસીસ | ૧૧ |

(૭) આ કામે પ્રથમ પક્ષકાર તરફે રજૂ થયેલ પુરાવો નીચે મુજબ છે.

## –:: મૌખિક પુરાવા ::–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સામાવાળા તરફે સરતપાસનું સોગંદનામું | ૧૨ |

## –:: દસ્તાવેજી પુરાવા ::–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ભારત સરકારના The Industrial Dispute (Amendment) Act–2010 માં The Industrial Dispute Act–1947 માં કરવામાં આવેલ તા.૧૮/૦૮/૨૦૧૦ ના સુધારા ક્રમાંક ૨૪ ઓફ ૨૦૧૦ તથા ગુજરાત સરકારનું ગેઝેટ એક્સ્ટ્રા ઓર્ડિનરી " ગુજરાત એક્ટ નં.૨૯ ઓફ ૨૦૧૫" તા. ૩૦/૦૯/૨૦૧૫. | ૬/૧ |
| ૨ | ડિલે બાબતે નામ.ગુજરાત હાઇકોર્ટના એસ.સી.એ. નં.૧૧૯૧/૨૦૧૬ માં તા. ૦૮/૦૭/૨૦૨૪ ના ચૂકાદાની નકલ | ૬/૨ |

| | | |
|---|---|---|
| ૩ | વર્ષ ૧૯૯૮ બાદ મસ્ટરથી આ કચેરી દ્વારા કામગીરી કરવામાં આવેલ નથી તેનું સોગંદનામું | ૬/૩ |
| ૪ | સામાવાળા તરફે રજૂ કરેલ ક્લોઝિંગ પુરસિસ | ૧૩ |

(૮) આ કામે બીજા પક્ષકાર તરફે રેફરન્સ નંબર ૫૧/૨૦૨૪ ના કામે રજૂ કરેલ લેખિત દલીલો આ કામમાં ધ્યાને લેવા અરજ કરેલ છે.

અત્રેના ઔદ્યોગિક વિવાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ વિચારણા માટે ઉપસ્થિત થાય છે.

**–:: <u>મુદ્દાઓ</u> ::–**

**મુદ્દા નં.૧.** શુ બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓને પ્રથમ પક્ષકાર નાઓએ ગેર કાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરી દીધેલ છે ?

**મુદ્દા નં.૨.** શુ બીજા પક્ષકાર પડેલા દિવસોના પગાર સહિત નોકરીની મુળ જગ્યાએ પુન: સ્થાપિત થવા હક્કદાર થાય છે.

**મુદ્દા નં.૩.** આખરી શુ હુકમ ?

(૯) ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો તથા તેના કારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧**. નકારમાં

**મુદ્દા નં.૨.** નકારમાં.

**મુદ્દા નં.૩.** આખરી હુકમ મુજબ.

**મુદ્દા નં.૧ અને ૨ નો નિર્ણય**

આ કામે બીજા પક્ષકારની એવી રજૂઆત છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૦૧/૦૬/૧૯૯૮ થી ફરજ બજાવતા હતા અને તેઓને

દૈનિક વેતન મિનિમમ વેજિસ અનુસાર હાજરી મુજબ ચૂકવવામાં આવતું હતું. આમ, બીજા પક્ષકાર રોજમદાર કર્મચારી તરીકે ફરજ બજાવતા હતાં. આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૨ ની સુચના અનુસાર ફરજ બજાવતા આવતા હતાં. આ કામના પ્રથમ પક્ષકાર નં.૨ ના તાબા નીચેની ડેમ સાઇટ તથા કેનાલની બંને સાઇટો લતીપુર પાસે મજૂર તરીકે નિમણૂંક તારીખથી તા.૩૦/૧૧/૨૦૧૯ સુધી એકધારી અને સળંગ નોકરી કરેલ હતી અને બીજા પક્ષકારે ૨૪૦ દિવસ કરતા વધારે નોકરી કરી હતી. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે કોઇ લેખિતમાં નિમણૂંક હુકમ કે, હાજરી કાર્ડ કે, પગાર ચિઠ્ઠી આપેલ નથી બીજા પક્ષકારને તા.૩૦/૧૧/૨૦૧૯ ના રોજ ચાલુ ફરજે કોઇપણ જાતની નોટિસ કે, નોટિસ પગાર કે, કારણ વગર કે, બેકારી વળતર ચૂકવ્યા વગર મૌખિક હુકમથી છુટા કરેલ છે. આ કામે પ્રથમ પક્ષકારનો એવો બચાવ છે કે, તેઓની સંસ્થા ઉદ્યોગની વ્યાખ્યામાં આવતી નથી. આ કામના બીજા પક્ષકારે હાલનો કેસ ૯ વર્ષ ઉપરાંતના સમય બાદ દાખલ કરેલ છે તેઓએ આટલા વર્ષના ડિલેનું કોઇ કારણ બતાવેલ નથી. બીજા પક્ષકારે તેઓએ કરેલ કામગીરીનો કોઇ પુરાવો રજૂ કરેલ નથી. બીજા પક્ષકારે કામગીરી કરેલ હોય તેવો રેકર્ડ પ્રથમ પક્ષકાર પાસે નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા ઉંડ-૨ સિંચાઇ યોજના આજી-૪ જળ સંપતિ યોજના તેમજ તેની કેનાલો જાળવણી અને નિભાવણીની કામગીરી ટેન્ડર બહાર પાડી સરકાર માન્ય ઠેકેદારો પાસે કરાવવામાં આવે છે છુટક રોજમદારી મજૂર પાસે કોઇ કામગીરી અત્રેની કચેરી તરફથી કરાવવામાં આવતી નથી.

આ કામે બીજા પક્ષકાર તરફે રેફરન્સ નંબર ૫૧/૨૦૨૪ ના કામે આંક-૧૪ થી રજૂ થયેલ લેખિત દલીલ જોતા તેમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર કે, જેઓ આ કામના સામાવાળામાં તા.૦૧/૦૬/૧૯૯૮ થી રોજમદાર મજૂર તરીકે નિમણુંક પામી સળંગ, સતત, ફરજ બજાવતા કર્મચારી છે. આ કામના સામાવાળા દ્વારા આ કામના અરજદાર પાસે કાયમી રીતે રોજમદાર મજુર તરીકે મીનીમમ વેજીસ અનુસાર વેતન ચુકવતા હતા. જે ફરજ હતી તે કાયમી પ્રકારની અને કાયમ રહેનારી અને ભવિષ્યમાં પણ કામગીરી કાયમી રહેનારી છે. તેની ઉપર રોજમદાર પગારથી ફરજ લેવડાવતા

આવતા હતા. આ કામના સામાવાળા દ્વારા કોઈપણ જાતની કાયદેસરની કરવા પડતી કાર્યવાહી કર્યા વગર તા.૩૦/૧૧/૨૦૧૯ થી એકાએક મૌખીક હુકમથી કામ ઉપર આવવાની ના પાડી દેવામાં આવેલ. અરજદારનો કોઈપણ જાતનો વાંક ગુન્હો ન હોવા છતાં નોકરીમાંથી છુટા કરી બેકાર બનાવી બેરોજગારી અને અતિ મોંઘવારીની પરિસ્થિતીમાં છુટા કરી આપતા અરજદાર દ્વારા સામાવાળાને નોકરીમાં પુનઃ સ્થાપિત થવા સંબંધે માંગણીની નોટીસ આપેલ. જેનો સામાવાળા દ્વારા ઉડાવ જવાબ આપેલ અને સામી માહિતી માંગવામાં આવેલ પણ કામે લેવામાં આવેલ ન હતા. આથી અરજદાર દ્વારા મદદનીશ શ્રમ આયુક્તશ્રીની કચેરી, જામનગર સમક્ષ નોકરીમાં પુનઃ સ્થાપિત થવા સંબંધેનો વિવાદ ઉપસ્થિત કરેલ. જે સંબંધે ડીલે માફીની માંગણીની અરજી કરેલ. જેમાં ડીલેના તમામ કારણો જણાવેલ છે અને ત્યાં સમાધાન શક્ય ન થતાં આ વિવાદ આપ નામદાર સમક્ષ આ કામની અનુસુચિ અનુસાર ન્યાયીક નિર્ણય અર્થે આવેલ છે. જે કામમાં બન્ને પક્ષકારો દ્વારા નીચે મુજબની રજુઆતો થયેલ છે. જેમાં આંક-૪ થી અરજદારના માંગણાનું નિવેદન તથા આંક-૫ થી સામાવાળાનું બચાવનામું તથા આંક-૮ થી અરજદાર તરફથી આ કામમાં ઉપયોગી લાગે તેવો દસ્તાવેજોની માંગણી કરવામાં આવેલ છે તે દસ્તાવેજો હુકમ થવા છતાં આ કામમાં સામાવાળાએ રજુ કરેલ નથી. માર્ક-૧ થી -૪ ના દસ્તાવેજી પુરાવા જેમાં સામાવાળાને આપેલ માંગણાની નોટીસ રજુ કરેલ છે. આંક-૧૦ થી અરજદાર તરફે પુરાવાનું સોગંદનામું છે તથા ઉલટ તપાસ છે. આંક-૧૧ થી અરજદાર તરફે કલોઝીંગ પુરસીસ, આંક-૧૨ થી સામાવાળાનું પુરાવાનું સોગંદનામું તથા ઉલટ છે.

ઉપરોકત રજુઆતને ધ્યાને રાખી જણાવવાનું કે, અરજદાર ધ્વારા આંક-૧૦ થી નિવેદનમાં જણાવી ગયા છે. છેલ્લા-૧૦ વર્ષ ઉપરાંત થી રોજમદાર મજુર તરીકે માસિક મીનીમમના પગારથી પ્રમાણિકતા અને વફાદારીપુર્વક કામ કરતાં હતા અને તેઓ તા.૦૧/૦૬/૧૯૯૮ થી તા.૩૦/૧૧/૨૦૧૯ સુધી એકધારી સળંગ, સતત આજ સુધી ફરજ બજાવતાં આવતા હતા. તમામ હકીકતો માંગણીના નિવેદનમાં જણાવી ગયેલ

છે. જેમાં માંગ્યા મુજબની મજકુરની દાદ છે. ટુંકમાં જણાવીએ કે, અરજદાર જે રીતે રોજમદારી મજુર તરીકે ફરજ બજાવતા આવતા હતા તેવા જ પ્રકારની ફરજો હાલ પણ ચાલુ છે. જેની ઉપર મજકુર પછી આવેલાઓ ફરજ બજાવી રહયા છે અને મજકુરને બેકાર રાખેલ છે. આ કામના માંગણાના નિવેદનમાં પેરા–૬ જણાવેલ કાયદાની જોગવાઈ નકકી થયેલ હોય તે સામાવાળા દ્વારા અમલ કરાવેલ નથી તેમજ આ કામ દાખલ કરતા પહેલા મજકુર કર્મચારી દ્વારા ડીલે કોન્ડોનની અરજી પણ કરેલ હતી. જેમાં પણ વડી અદાલતના નકકી થયેલા પ્રસ્થાપિત થયેલ સિંધ્ધાતો જણાવેલ છે અને જેમાં ઢીલ માફી સંબંધેના નકક્કી કરાયેલ છે તે જણાવે છે જેની વિગત નીચે મુજબ છે.

(1) Prabhakar Versus Joint Director Sericulture Depart ment 20/05/(15) SCC

(2) Raghuvir singh Versus General Manager, Haryana Roadways, Hissar 2014 III CLR.522

(3) Jasmer Singh Versus State of Haryana 20115/ CLR.555

(4) Danjibhai Bhanabhai Alias, Bhanjibhai Maru State of Gujarat misc. Civil Appl. No.1/2017 in R/Letters PUTENT Order Dts.01/05/2018

આ ઉપરથી ઢીલ માફી મળવા પાત્ર થાય છે. વધુમાં માંગણાના નિવેદનમાં પારા–૧૧ અનુસારની અમારી દાદ છે. આ કામમાં સામાવાળા દ્વારા પોતાનું બચાવનામું રજુ કરેલ છે જેને ઈન્ડસ્ટ્રીઝ સંબંધેની રજુઆત કરેલ છે અને જવાબમાં ડીનાઈલ લીધેલ છે. વિલંબ સંબંધેની રજુઆત કરેલ છે જેની ઉપરોકત બાબતે ખંડન કરેલ છે. પારાવાઈઝ જે જવાબ આપેલ છે તે પણ કાયદાની કોઈ જ સ્પષ્ટીકરણ થઈ શકેલ નથી તેમજ સામાવાળા દ્વારા અરજદારોને ક્યારેય પણ હાજરી પત્રક, પગાર પત્રક, નોકરી

સંબંધેના એક પણ પુરાવાઓ આપેલ નથી. પગાર પણ વાઉચર પણ સહી લઈ લેવડાવતા હતા. આ કામમાં સામાવાળા દ્વારા બચાવનામાં સાથે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. જે પણ કર્મચારીઓને નોકરીમાંથી છુટા કર્યા પછીના છે. મજકુર કર્મચારીને આ બાબતે લાગુ પડી શકે નથી. આથી સામાવાળા બચાવનામાંને ધ્યાને લેવું ન જોઈએ.

વિશેષમાં આ કામમાં સામાવાળા પાસે રહેલ દસ્તાવેજી પુરાવાઓ જે કામમાં અતિ મહત્વના જેની ઉપર ન્યાયીક નિર્ણય આવી શકે તેવા દસ્તાવેજોની માંગણી કરેલ પંરતુ સામાવાળા દ્વારા આવા કોઈ જ દસ્તાવેજો રજુ કરાયેલા નથી.

આ કામમાં આ કામના અસરકર્તા અરજદારનું પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે જે માંગણાની નિવેદનના અનુસારની રજુઆત કરે છે. જેની તમામ હકીકતો ધ્યાને લેવા આપ સાહેબને નમ્ર અરજ છે તેમજ ઉલટ તપાસમાં પણ જે હકીકત હતી તે જણાવી દીધેલ છે અને તેની આર્થિક પરિસ્થિતી પણ જણાવેલ છે. નિયમીત કામ મેળવી શકતા નથી. આર્થિક મુશ્કેલીમાં રહેલ છે. ખેતીની જમીન છે. તે સંબંધે સંયુકત કુંટુંબની છે અને તેઓ નોકરી કરતા હતા ત્યારે પણ ખેતીની સંયુક્તમાં જમીન ધરાવતા હતા જેથી તે સંબંધે બેક વેજીસ ન મળે તેવું માનવાને કારણ રહેતુ નથી.

આ કામના સામાવાળાના સાહેદ દ્વારા પુરાવાનું સોગંદનામું રજૂ થયેલ છે જે ઉલટમાં જણાવી ગયેલ છે કે, એ વાત ખરી છે કે, અમારી કચેરીમાં સેટઅપ નકકી થયેલુ હોય અને તેમાંથી પટ્ટાવાળાથી અધિકારી સુધીના તમામ સ્ટાફ સમાયેલા હોય છે. સાહેદ જણાવે છે કે રોજમદારોનું કોઈ સેટઅપ હોતું નથી.

એ વાત ખરી છે કે, નિયમીત સ્ટાફ ન હોય કે તેની જગ્યા ખાલી હોય ત્યારે તેની કામગીરી રોજમદાર પાસેથી કરાવવામાં આવતી હોય છે અને તેની વિગત કચેરી દફતરમાં હોય છે. આ ડેમ સાઈટ પર સિવિલ, મિકેનિકલ અને ઈલેટ્રકીટ એમ તમામ પ્રકારની કામગીરી રહેતી હોય છે. આ

ડેમ પર જંગલ કટીંગ તથા પાળાની જાળવણી તથા કેનાલની કામગીરી સિવિલ વિભાગમાં આવે આ કેનાલ ધ્રોલ તથા જોડીયા તાલુકાના ગામડાઓને આવરી લે છે. એ વાત ખરી છે કે, ૨૦૧૫ પહેલા રોજમદાર કર્મચારીઓ પાસેથી કામ લેવામાં આવતુ હતું એ વાત ખરી નથી કે, રોજમદારોને નિયમીત રીતે મસ્ટર રોલ પર સહી લઈને લધુતમ વેતન મુજબ પગાર ચુકવવામાં આવતો હતો. એ વાત ખરી છે કે, કામદારોએ ૨૪૦ દિવસ સળંગ કામ કરેલ ન હોવાથી કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી અમારી કચેરીએ ૨૦૧૫ બાદ આઉટ સોર્સિંગથી આવી કામગીરી એજન્સીને આપેલી ત્યારે હાલના કામદારોની કોઈ યાદી તેને સોપેલી નથી. એ વાત ખરી છે કે, આ કામદારો જે કામ કરતા હતા તેવા પ્રકારની કામગીરી હાલ ચાલુ છે. સાહેદ જણાવે છે કે કાયમી નથી. એ વાત ખરી છે કે, અમારા જવાબમાં કઈ એજન્સીને કામ સોપેલ હતુ તેની ચોકકસ વિગતો દર્શાવેલ નથી કે આવો કોઈ કરાર આ કામે રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે, અમોએ રોજમદારોને કોઈ નિમણુંક પત્ર આપેલ નથી કે, રોજમદારોને કામે રાખેલ હોય તેની કોઈ જાહેરાત આપેલ નથી કે, તેવા કોઈ ઈન્ટરવ્યુ લેવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, કામદારોએ ૭ વર્ષ બાદ કેસ કરેલ હોય તેથી તેઓ અગાઉ અમારા ત્યાં કામ કરતા હોવાથી મને ખબર છે. એ વાત ખરી છે કે, સિવિલ વિભાગના માણસોના રેકર્ડ અમારી પાસે હોય. મેં આ કામના અરજદારની નોકરીનો કોઈ રેકર્ડ જોયો નથી. ૧૯૮૮ માં અમારા અધિકારીઓ કોણ હતા તેની મને ખબર નથી તેમજ તે સમયે કર્મચારીઓને કેવી રીતે પગાર ચુકવવામાં આવતો હતો તેની મને ખબર નથી તે સમયે મસ્ટર નિભાવવામાં આવતા આ કર્મચારીઓને છુટા કરવામાં આવેલ કે કેમ અને તેઓને કોઈ હકક હિસ્સા આપવામાં આવેલ છે કેમ ? અને આ કામદારને કોણે કામ પર રાખેલા અને કોણે છુટા કરેલા તેની મને ખબર નથી. આ કર્મચારીઓને છુટા કર્યા ત્યાર બાદ તેઓ જે મજુરી કામ કરતા હતા તે કામ સંસ્થામાં ચાલુ હતુ તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, આ કામગીરી ત્યારબાદ સતત અને સળંગ ચાલુ છે. સાહેદ જણાવે છે કે, કોન્ટ્રાકટ બેઝ ઉપર ચાલુ છે. એ વાત ખરી નથી કે, સને ૨૦૧૫ પહેલાના રોજમદાર કર્મચારીને કામે રાખવામાં આવતા તેમની સહી લઈને તેમનો પગાર ચુકવામાં આવતા. સાહેદ સ્વેચ્છાએ

જણાવે છે કે, ૨૦૦૬ થી દરેક કર્મચારીના પૈસા તેમના બેંક ખાતામાં જમા થતા હતા. એ વાત ખરી છે કે, તેમની સહી લેવામાં આવતી ન હતી. આ ઉપરોકત બાબત ઉલટ તપાસમાં કર્મચારીઓ ફરજ બજાવતા હતા તેઓને કશોય સર્વિસ સંબંધેનો આધાર આપવામાં આવતો ન હતો તે સ્પષ્ટ રીતે જણાવી જાય છે. આમ, ઉપરોકત બાબતે અમો આપ નામદારને નમ્ર અરજ ગુજારીએ છીએ કે, આ કામના અસરકર્તા અરજદાર સામાવાળાના ઉંડ સિંચાઈ વિભાગ નીચેના આજી-૪ ની કેનાલોમાં રોજમદાર મજુર તરીકે ફરજ બજાવતા આવતા હતા અને દર વર્ષે-૨૪૦ દિવસ ઉપરાંતથી ફરજ સળંગ સતત દાખલ તારીખની ગેરકાયદેસર રીત છુટા કરવાના સમયગાળાની થવા પામેલા છે. આમ, આઈ.ડી. એકટની કલમ-૨૫(બી) અનુસાર સળંગ નોકરી થયેલ છે. આથી સામાવાળા ધ્વારા અરજદારને છુટા કરતા પહેલા આઈ.ડી. એકટની કલમ-૨૫(એફ) અનુસાર લેખિત નોટિસ અથવા તો નોટીસ પગાર, બેકારી વળતર ચુકવવું જોઈએ તે ચુકવેલ નથી. આમ, સામાવાળાનું અરજદારને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર, ગેરકાનુની અને કુદરતી ન્યાયનાં સિંધ્ધાત વિરૂધ્ધ છે.

આ કામે સામાવાળા તરફે જવાબમાં રજુ કરી અરજદારના માંગણીના નિવેદનનો ઈન્કાર કરેલો છે અને જણાવેલ છે કે, અરજદારે આ કેસ ત્રણ વર્ષ બાદ કરેલ છે તથા કયારેય સળંગ-૨૪૦ દિવસ કામ કરેલ નથી. વધુમાં સામાવાળા જણાવે છે કે, કામ પુરૂ થતાં અરજદારને છુટા કરેલ છે. જેથી રેફરન્સ ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે. ત્યારબાદ આ કામે અરજદાર તરફેથી સોગંદ ઉપરની જુબાની આપેલી છે જેમાં તેમના માંગણીના નિવેદનની હકીકતોને સમર્થન આપેલ છે. ઉલટ તપાસમાં અરજદારોએ જણાવેલ છે. તેઓ નોકરીની નિમણુંક તારીખથી નોકરી કરતા હતા અને નોકરીમાંથી છુટા કરેલ છે જે હકીકતોથી વિરૂધ્ધની કોઈ હકીકતો સામાવાળા તરફે રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આ કામે સામાવાળા તરફે અનેક મુદતો આપવા છતાં સામાવાળાના સાક્ષી હાજર રહેલ નથી અને સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. આખા કેસ દરમ્યાન સામાવાળાની કન્ડકટ એવી જ રહી છે કારણ કે, જવાબનો પણ હકક બંધ થયેલ ત્યારબાદ ઉલટ તપાસનો પણ હકક બંધ થયેલ અને ફલીત થાય છે કે, સામાવાળાએ

આ કેસ ચલાવવામાં કોઈ રસ લીધેલ નથી અને અરજદારની કોઈ હકીકતને પડકારેલ નથી. જેથી સામાવાળએ ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ ૨૫– એફ, જી અને એચ. નો ભંગ કર્યાનું સાબિત થાય છે.

**આઈ. ડી.એકટ ની કલમ–૨૫(બી) : સળંગ નોકરીની વ્યાખ્યા :–**

કોઈ કામદાર બિમાર અથવા અધિકૃત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસર ન હોય તેવી હડતાલ અથવા તેની કોઈ કસુરના લીધે ન હોય એવી તાળાબંધી અથવા કામબંધીને કારણે ખંડીત થાય તેવી નોકરી સહીતની અખંડ નોકરીમાં હોય, તો તે એટલી મુદત સુધી સળંગ નોકરીમાં છે. એમ કહેવાય. આ કામે સર્વ પ્રથમ મુદો સળંગ–૨૪૦ દિવસ કામદારે પુરવાર કરવા જોઈએ તે અંગેનો છે આ અંગે સામાવાળા દ્વારા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાનો આધાર લીધેલ છે. સામાવાળા સંસ્થા દ્વારા પોતાના બચાવનામામાં તથા સરતપાસમાં જણાવેલ છે કે, અમોએ આઉટસોર્સિંગથી કાર્યપદ્ધતિ શરૂ કરેલ છે પરંતુ તેની સાબિતી માટે સામાવાળા પાસે કોઈ પણ પ્રકારનો પુરાવો રજુ કરેલ નથી કે, ત્યાં આઉટ સોર્સીગથી કાર્ય પધ્ધતિ ચાલુ હોય. વધુમાં સામાવાળા એમ જણાવે છે કે, આ કામના સબંધીત કામદાર તે ઔધોગીક વિવાદ ધારા–૧૯૪૭ ની કલમ–૨(એસ) હેઠળ " કામદાર" ની વ્યાખ્યામાં સમાવેશ પામે છે. જયારે પ્રથમ પક્ષકાર સંસ્થા તે ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૨ જે હેઠળ "ઉદ્યોગ" ની વ્યાખ્યામાં સમાવેશ પામે છે. જેથી સદર ઔદ્યોગીક વિવાદનો ન્યાય નિર્ણય કરવાની સંપુર્ણ સતા કાયદા દ્વારા આપ નામદાર કોર્ટને આપવામાં આવેલ છે. સૌપ્રથમ કોર્ટને જણાવવાનું કે, આ કામના પ્રથમ પક્ષકારો તે ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૨ જે હેઠળ "ઉદ્યોગ" ની વ્યાખ્યાની સમાવેશ થાય છે જે દર્શાવતો ચુકાદો નામદાર ગુજરાત હાઈકોર્ટને ફુલ બેન્ચ દ્વારા આપવામાં આવેલ છે. જે મુજબ પ્રથમ પક્ષકાર "ઉદ્યોગ" ની વ્યાખ્યામાં સમાવેશ પામે છે અને તેઓને ઔદ્યોગીક વિવાદ ધારા–૧૯૪૭ તેમજ ઔદ્યોગીક વિવાદ (ગુજરાત) રૂલસ ૧૯૬૬ લાગુ પડે છે અને તેને સદર ધારો બંધનકર્તા થાય છે. વધુમાં આપ નામ. કોર્ટને જણાવવાનું કે, આ કામના અરજદારે આપ નામદાર કોર્ટ સમક્ષ તેઓનું માંગણીનું નિવેદન થી રજુ કરેલ છે. જેમાં જણાવેલ છે કે તેઓ સામાવાળામાં

નિમણુંક તારીખ થી નોકરીમાં છૂટા કર્યા દરમ્યાન રોજમદાર મજુર તરીકે નોકરીમાં નિમણુંક પામેલા અને તેઓની ફરજો એકધારી અને સળંગ રીતે ખુબ જ ખંત અને પ્રમાણિકતાથી બજાવતાં હતા. સામાવાળાએ તેમને ગેરકાયદેસર રીતે ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૨૫ એફ, જી, અને એચ તેમજ ઔદ્યોગીક વિવાદ ધારા (ગુજરાત) રૂલસ–૧૯૬૬ ના રૂલ્સ ૮૧ નો ભંગ કરી, કુદરતી ન્યાયના સિંધ્ધાત વિરૂધ્ધ નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે. જેથી સળંગ નોકરીથી પડેલા દિવસોના પગાર સાથે, તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા દાદ માંગેલ છે. પરંતુ નામ. સુપ્રિમ કોર્ટના એ.આઈ.આર.–૨૦૦૫ એસ.સી. પાના ૨૬૮૨ માં એવું ઠરાવ્યુ છે કે,

"Analyzing the above decisions of this court, it cleat that the provisions of the Evidence Act in terms do not apply to the proceeding under section 10 of Industrial Disputes Act. However, applying general principles and on reading the afore state judgment, we find that this court has repeatedly taken the view that the burden of proof is on the claimant to show that he had worked for 240 days in a given year. This burden is discharged only upon the workman stepping in the witness box. This burden is discharged upon the workman adducing cogent evidence, both oral and documentary. In cases of termination of services of daily waged earner, there will be no letter of appointment or termination. There will also be no receipt of proof of payment this in most cases, the work man(Claimant) can only call upon the employer to produce before the court the nominal muster roll for the given period, the letter of appointment or termination, if any the wage register etc.

Drawing of adverse inference ultimately would depend there after on facts and each case. The above decisions however make is clear that mere affidavits or self serving statements made by the claimant /workman will not suffice in the matter of discharge of the burden placed by law on the workman to prove that he had worked for 240 days in a given year. The above judgments further law down that mere non–production of muster rolls for per se without any plea of suppression by the claimant workman will not be the ground for the tribunal to draw as adverse inference against the management. Lastly the above judgments lay down the basic principle namely that the High Court under Article 226 the Constitution will not interfere with concurrent findings of fact recorded by the labour court unless they are perverse This exercise will depend upon facts of each cash. "

હવે નામદાર હાલના કેસમાં સામાવાળા અમોને કોઈ નિમણુંક હુકમ આપતા ન હતા તે નિવિર્વાદ હકીકત છે કોઈ હાજરી કાર્ડ કે, પગાર ચીઠી પણ આપતાં ન હતા. આ સંજોગોમાં બેસ્ટ અવેલેબલ દસ્તાવેજ સામાવાળાના કબજામાં હોય આમ, સામાવાળાએ અરજદારોને કોઈ કાયદા મુજબ આપવા જોઈતા દસ્તાવેજો આપેલા નથી તેમજ પોતાની પાસે વિભાગીય કચેરીમાં રહેલ રોજદારોની વિગત રજુ કરેલ નથી. અરજદારે સામાવાળામાં આઈ.ડી. એકટની કલમ–૨૫(બી) મુજબની સળંગ નોકરી કરેલ હોવાનું સ્પષ્ટ રીતે સાબીત થાય છે.

**આઈ.ડી. એકટ–૧૯૪૭ ની કલમ ૨૫–એફ : છટણીની પૂર્વ શરતો :–**

કોઈ માલિક હેઠળ ઓછામાં ઓછા એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ પણ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારોની છટણી:–

**એ :–** તે કામદારોની છટણીના કારણો દર્શાવતી એક મહીનાની લેખીત નોટીસ આપવામાં ન આવી હોય અને નોટીસની મુદત પુરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસ બદલે નોકરીની મુદત સુધીનું વેતન આપવામાં ન આવે, ત્યાં સુધી પરંતુ

**બી :–** તે કામદારને છટણી વખતે અખંડ નોકરીના દરેક પુરા વર્ષ માટે અથવા છ મહીનાથી વધુ હોય, તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલુ વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને

**સી :–** સમુચીત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નિદિષ્ટ કરે તેવા સતાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે, ત્યાં સુધી કરી શકશે નહી.

be the it and the reasons assigned and the conclusions drawn by the Labour Court are cogent and convincing requiring no interference of this court in exercise of the power and article 227 of thie Court (Para.15)

Letters Patent Appeal No. 368 of 2003 with Civil App.No. 2297 of 2003 Hon Gujarat High Court, State of Gujarata Vs. Shaikh Mohammed Rafik Gaffar.

The contention that the workman was a causal labourer and was appointed only for 29 dayus and he had not completed 240 days, as required on the

date of termination and therefore the order of the termination was on the legal side without vilatation of the provisions of Industrial Disputes Act, Prima facie may appear to be right but not very much acceptable for the reasons that if all the holidays and intervening period of resumption of the workman till the termination of the same added in the 190 days, there is no dispute that the period would be more than 240 days and the view on this point by the learned Single Judge, canoot be said to be in any way unjust unreasonable or vulnerable requiring our interference, or nothing has been spelt out, which wold remotely indicate that there is a fit case for interference Therefore the appeal is required to be dismissed at the threshold, Accordingly, the appeal is dismissed no order on civil application.

અમો આથી જણાવીએ કે, જુદી જુદી નામદાર વડી અદાલતે તથા નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાતો મુજબ નવી ભરતીમાં અરજદારને રકોલ કર્યાનો પુરાવો માલિકે રજુ કરવો જોઈએ. આ સંજોગોમાં હાલના કેસમાં તે બાબત પુરવાર કરવામાં માલિક નિષ્ફળ ગયેલ છે. આ સંજોગોમાં સામાવાળા તરફે લીધેલ બચાવ ગ્રાહય રાખી શકાય તેમ નથી. તેમજ અમો અમારા કેસના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખીએ છીએ.

આ કામે અરજદારોએ તેમના માંગણીના નિવેદનમાં અને સોગંદઉપરની જુબાની સ્પષ્ટપણે જણાવેલ છે કે તેઓ સામાવાળામાં એકધારી અને સળંગ રીતે કામગીરી કરતા હતાં એ તેઓ જે કામગીરી કરતા હતા. તે આજી તારીખે ચાલુ છે. અને સામાવાળાએ તેઓને છુટા કરતી વખતે નોટીસ, નોટીસ પગાર કે બેકારી વળતર રકમ ચુકવેલ નથી. આથી કોઈ

વિરૂધ્ધની હકીકત અરજદારની ઉલટ તપાસમાં કે અન્ય દસ્તાવેજી પુરાવાથી સામાવાળા પુરવાર કરી શકેલ નથી. કલમ–૨૫(એફ) ની ઉપર દર્શાવેલી જોગવાઈ અનુસાર જયારે અરજદારો સામાવાળામાં–૨૪૦ દિવસ કરતા વધારે કામ કરેલ હોય ત્યારે તેમને છુટા કરતા પહેલા નોટીસ અથવા નોટીસ પગાર, બેકારી વળતર અને હકક હિસ્સા ચુકવી આપવા જોઈએ. આ ક્રામે સામાવાળાએ એવી કોઈ પ્રોસીઝર કરેલ હોય તેના પુરાવા રજુ કરેલ નથી આમ સામાવાળાએ આઈ.ડી.એકટ ની કલમ–૨૫(એફ) ની આજ્ઞાત્મક જોગવાઈઓનો સ્પષ્ટપણે ભંટ કરેલો છે તે પુરવાર થાય છે. આ સબંધે ચુકાદો જોઈએ તો 2008 1 CLR 719 Hon. Gujarat High Court. Dy. Executive Engineer V/s. Prafulbhai Virabhai Virda.

Industrial Disputes Act 1947 –Ss 25 F, 2(S) V–Constitution of India 227 Termination of Service Respondent work man a daily wager terminated from service–Respondent workman a daily wager termination of Service from service Labour Court held it illegal passed Award for reinstament with continuity of service but without back wages Hence this petition Held that Labour Court has rightly drawn conclusion with reasons assigned which are convincing Calls for no interference in exercise of writ jurisdiction.

On examination of records in the background of law settled by Apex Court, it is held that labour Court has rightly examined the matter and has

(૧) નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ૨૦૦૭(0) GLHEL–CL 217564 થી સ્પે.સી.એ.નં.૧૦૨૨૬, ૧૦૧૭૬, ૧૦૨૨૭, ૧૦૨૨૯ અને ૧૦૨૩૧ ઓફ ૨૦૦૭ માં તા.૧૭/૦૪/૨૦૦૭ ના રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટના માન.

ન્યાયમુર્તી શ્રી એચ.કે. રાઠોડ સાહેબે આઈ.ડી.એકટની કલમ–૨ ઓઓ, ૨૫–બી, ૨૫–એફ. ૨૫–જી અને ૨૫–એચ. સંબંધે વિસ્તારથી ચર્ચા કરી ચુકાદો આપેલ છે. જે ચુકાદાની નકલ આ સાથે રજુ રાખેલ છે.

(૨) ૧૯૯૪ સેકન્ડ એલ.એલ.જે. પાના નં.૧૧૫૫ નામ, રાજસ્થાન હાઈકોર્ટ મનોજકુમાર બંસ અને સ્ટેટ ઓફ રાજસ્થાન અને બીજાઓ

(૩) ૧૯૯૬ ફર્સ્ટ એલ.એલ.જે. પાના નં. ૫૩૩ નામ. બોમ્બે હાઈકોર્ટ એલેકઝાંડર ચસુદાર માઈકલ અને પરફેકટ ઓઈસ સીલ અને બીજા

(૪) ૧૯૯૬ સેકન્ડ એલ.એલ.જે. પાના ૨૧૬ નામ. મદ્રાસ હાઈકોર્ટ ધી પ્રેસીડેન્ટ શ્રી રંગમ કો. ઓ. અરબન બેંક લી. વિ. કે નાગરાજન,

(૫) સ્પે.સી.એ.નં. ૧૫૭૦૮ ઓફ ૨૦૦૭ નામ. ગુજરાત હાઈકોર્ટ સ્ટેટ ઓફ ગુજરાત વિ. ભીખુભાઈ જુલુભાઈ વાળા

**આઈ.ડી. એકટ ૧૯૪૭ ની કલમ ૨૫–એચ :– છટણી કરેલ કામદારને ફરીથી કામે રાખવા બાબત :**

કોઈ કામદારની છટણી કરવામાં આવી હોય અને માલિક કોઈ વ્યક્તિઓને કામે રાખવા માગે ત્યારે તેણે ભારતના નાગરીકો હોય એવા છટણી કરેલા કામદારોને ફરીથી કામે રહેવા માટે ઠરાવવામાં આવે તે રીતે તક આપવી જોઈએ. અને એવી છટણી કરેલાં કામદારો ફરી કામે રહેવા માંગે તો તેઓને બીજી વ્યક્તિઓ કરતાં પહેલી પસંદગી આપવી જોઈએ.

**ધી ઈન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ એકટ વીથ ધી ઈન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ ગુજરાત રૂલ્સ ૧૯૬૬**

માલિકે અમુક જે વર્ગના કામદારોને. છટણી કરવાનું વિચારવામાં આવ્યું હોય, તે વર્ગના તમામ કામદારોની તે વર્ગની નોકરીમાં તેમની સીનીયોરીટી અનુસાર એક યાદી તૈયાર કરવી પડશે. અને છટણીની ચોકકસ તારીખના ઓછામાં ઓછા સાત દિવસ પહેલા ઔદ્યોગીક સંસ્થાની જગ્યામાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળે નોટીસ બોર્ડ ઉપર તેની એક

નકલ ચોટાડવી જોઈશે.

તદઉપરાંત વધુમાં એ પણ જોવું જોઈએ કે, ખાલી સામાવાળાનો ડીલે સંબંધનો રજુઆત હોય એટલે કામે ન લઈ શકાય એ સામાવાળાની વાત માનવાને કારણ નથી. અને અગાઉ નામદાર હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત થયેલ જ છે. અને જે તે સમયે વિવાદની તારીખોમાં ડીલે મંજુર થયેલા છે. જેથી કરીને ખાલી ડીલે પુરતી બાબતને ધ્યાને રાખી સામાવાળાની વાત માની ન શકાય.

આમ, ઉપરોકત તમામ બાબતોને ધ્યાને રાખી એ તો સ્પષ્ટ છે કે કર્મચારી દાખલ તારીખ થી છુટા કર્યા તારીખ સુધી સળંગ નોકરી હતી અને છુટા કરતા સમયે કે નવી પધ્ધતી આઉટસોંસીંગ કહેવાતી ભરતી કરતા પહેલા ઔદ્યોગીક વિવાદ–૧૯૪૭ ની નકકી કરાયેલી જુદી જુદી અમલ સંસ્થા ધ્વારા કરવો જોઈએ જે કરાયેલ ન હોય આવા સંજોગોમાં અરજદાર પુર્વવત પુનઃ સ્થાપિત થવા સળંગ સિનીયોરીટી સાથે હકકદાર બને છે. અને થયેલ નુકશાન પડેલ દિવસોનો પગાર મેળવવા હકકદાર બને છે.

આવા સંજોગોમાં અમારો આ વિવાદમાં અરજદારને પૂર્વવત પુનઃ સ્થાપિત કરી પડેલ દિવસો નો પાછલા પગાર સાથે નોકરીમાં લેવાનો સામાવાળાને હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

આ કામે બીજા પક્ષકારની ઉલટ તપાસ ધ્યાને લઈએ તો, હું લતીપુર ગામે રહું છું. મારી પાસે ખેતીની જમીન છે. હું ૨૦૦૭ માં સિંચાઈ ખાતામા રોજમદાર તરીકે ફરજ બજાવતો હતો. એ વાત ખરી છે કે, અમોની આ નોકરી અંગે છાપામાં કોઈ જાહેરાત આવેલી ન હતી કે તે અંગે કોઈ ઈન્ટરવ્યુ લેવામાં આવેલ ન હતા. હાલ હું છુટક મજુરી કરુ છુ અને મને રૂ.૪૦૦–૫૦૦/– રોજ મળે છે.

એ વાત ખરી છે કે, અમોને સામાવાળાને ત્યાં જરૂરીયાત મુજબ

કામ પર બોલાવવામાં આવતા અને જેટલા રોજ થાય તેટલી મજુરી આપતા. છેલ્લે હું તા.૩૦/૧૧/૨૦૧૯ સુધી રોજમદાર તરીકે હતો. એ વાત ખરી છે કે, મને ઉદ્યોગને લગતી કામગીરી અંગે કોઈ જાતમાહિતી નથી. એ વાત ખરી છે કે, મેં હાલનો કેસ ૭ વર્ષ બાદ કરેલ છે અને આ અંગે અમોએ કોઈ ડીલે અરજી કરેલ નથી. તેમજ મારી કામગીરી માટે મારી પાસે કોઈ આધાર પુરાવા નથી. એ વાત ખરી છે કે, હાલ મારી આજીવીકા છુટક મજુરીથી ચાલે છે. એ વાત ખરી છે કે, હાલની અરજી મેં કાયમી થવા માટે કરેલી છે. એ વાત ખરી છે કે, કાયમી થવા માટે સરકારશ્રીના નિતી નિયમ મુજબ કાર્યવાહી કરવાની હોય છે. એ વાત ખરી છે કે, આ ૭ વર્ષ દરમ્યાન અમોએ કોઈ એજન્સીનો સંપર્ક કરેલો નથી. હાલનું કામ એજન્સીથી થાય છે.

આ કામે બીજા પક્ષકાર તેઓની ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓ ૨૦૦૭ માં સિંચાઇ ખાતામાં રોજમદાર તરીકે ફરજ બજાવતા હતા તેમજ તેઓની નોકરી અંગે છાપામાં કોઇ જાહેરાત આવેલ ન હતી કે, તેઓના કોઇ ઇન્ટરવ્યુ લેવામાં આવેલ ન હતા. આ કામે સંસ્થાના સાક્ષીની ઉલટ તપાસ ધ્યાને લઇએ તો તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, ૨૦૧૫ પહેલા રોજમદાર કર્મચારીઓ પાસે કામ લેવામાં આવતું હતું. અમારી કચેરીએ ૨૦૧૫ બાદ આઉટ સોર્સિંગથી આવી કામગીરી એજન્સીને આપેલ છે ત્યારે હાલના કામદારોની તેઓને સોપેલ નથી. આ કામે બીજા પક્ષકારનું નિમણૂંક કાયદેસરની પ્રક્રિયા મુજબ થઇ હોય તેઓ રેકોર્ડ પરના પુરાવા પરથી જણાતું નથી તેમજ બીજા પક્ષકાર પન આ હકીકત તેઓની ઉલટ તપાસમાં કબૂલે છે. આ કામે બીજા પક્ષકારે નાયબ શ્રમ આયુક્ત સમક્ષની તેઓની ૧૦-એ, ની ફરિયાદમાં તેઓની દાખલ તારીખની હકીકત સ્પષ્ટ પુરાવાથી સાબિત કરેલ નથી. આ કામે બીજા પક્ષકારે તેઓને છુટા કર્યાની તારીખ ૩૦/૧૧/૨૦૧૯ દર્શાવેલ છે જ્યારે તેઓએ હાલની ફરિયાદ તા.૦૫/૦૬/૨૦૨૪ ના રોજ દાખલ કરેલ છે. તેઓએ ૫ વર્ષ મોડી દાખલ કરવાનું કોઇ યોગ્ય કારણ દર્શાવેલ નથી. આમ, બીજા પક્ષકાર તેઓનો કેસ સ્પષ્ટ પુરાવાથી સાબિત કરવામાં નિષ્ફળ રહ્યા હોય મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૩ નો જવાબ આખરી હુકમ મુજબ આપવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

**૧.** આ કામના બીજા પક્ષકારની રેફરન્સ નં.૫૭/૨૦૨૪ નામંજુર કરવામાં આવે છે.

તા.૨૪/03/૨૦૨૬.

**જામનગર.**

**(ડી.જે.ઠાકર)**
**પ્રિસાઈડિંગ ઓફિસર**
**મજૂર અદાલત કોર્ટ નંબર–૧, જામનગર.**
**આઇ.ડી. નં. જીજે–૦૦૭૪૮.**

વિશાલકુમાર ખાવડા
(સ્ટેનોગ્રાફર)